# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

કાં તો મારાં મૂળ ઉખાડો,
કાં મારી પર પાન ઉગાડો.
ભીતર કશુંક રણકે છે તો,
ભીતર જઈને ફોન ઉપાડો.
રસ્તા વચ્ચે કાળ ઊભો છે,
જરા જોરથી હોર્ન વગાડો.
અહીંયાં તો મેદાન છે ભાઈ,
કોને કો' છો દ્વાર ઉઘાડો?
સન્નાટો કરડે છે ઘરનો,
ફળિયા આગળ બોર્ડ લગાડો.

અનિલ ચાવડા

## પાથેય

# કરડતો સન્નાટો...

- રમેશ ઠક્કર

વિનાશ અને વિકાસ જગતમાં ચાલતાં જ રહે છે.બંનેમાંથી કોની પસંદગી કરવી એ માણસ ઉપર આધાર રાખે છે.જે વસ્તુ આપણા જીવનને ઉન્નત બનાવી શકે એવી હોય એ જ ચીજને માણસ વિનાશનું સાધન બનાવી નાખે છે.પ્રકૃતિનાં જે કંઈ પરિબળો છે એમાં અમાપ ઉર્જા ભરેલી હોય છે..માણસ પાસે બુધ્ધિ છે..સારા નરસાનો વિવેક છે.એ ધારે તો આ ઉર્જાનો રચનાત્મક ઉપયોગ કરી શકે.પંરતુ બુધ્ધિ બે ધારી તલવાર જેવી છે.એ થકી માણસમાં મહત્વકાંક્ષા કે ગુમાન આવી શકે છે..એમાંથી જે સંઘર્ષ શરૂ થાય એ એના વિનાશ માટેનું કારણ બની શકે..આપણે વૃક્ષોને મુળસોતાં ઉખેડી નાખીએ છીએ.એનો આડેધડ ઉપયોગ અને દુરુપયોગ કરતા રહીએ છીએ.પરંતુ નવાં વૃક્ષો ઉગાડવા કે એનો ઉછેર કરતા નથી..એની ડાળ ઉપર એકાદ પાંદડું ઉગાડવાનો ઈલમ જો આપણે શોધી શકીએ તો જ સાચી પ્રગતિ ગણાય. આપણી ભીતર એક એલાર્મ સતત વાગતું રહે છે.જે સતત માણસને કશુંક ખોટું થતું હોય તો સચેત કરે છે..બાહય જગતના કોલાહલ વચ્ચે આપણે એનો અવાજ સાંભળી શકતા નથી.મોબાઈલની રીંગ જયારે રણકે ત્યારે બીજી જ પળે એ ઉપાડી લઈએ છીએ.ભીતર જે ઘંટડી રણકતી રહે છે એની સતત ઉપેક્ષા કરતા રહીએ છીએ..જીવનમાં ડગલેને પગલે આપણે સાવધ રહેવાનું હોય છે.મુસીબત કઈ તરફથી ત્રાટકશે એનું કોઈ અનુમાન કરી શકતા નથી.સતત જય અને પરાજયો ચાલતા રહે છે.અવિરત યુદ્ધો અને સંઘર્ષો એ જ જાણે માણસ જાતની નિયતિ છે.એ ધારે તો આની સામે સાવધ રહી શકે છે.કોઈપણ ઘટના માટે એવું કહેવામાં આવે છે કે એ આકાર પામે એની પહેલાં એના સંકેતો આપણને મળતા રહે છે.જેમ પૂરપાટ દોડતી ગાડી હોર્નથી સલામત દોડાવી શકાય છે. એવી જ તકેદારી જીવનમાં પણ આપણે રાખવાની હોય છે. રસ્તા ઉપર આવતી અડચણને કોઈક સંકેત ટકી કે આગવી સુજ થતી જો ટાળી શકીએ તો આપણી પૂરપાટ દોડતી ગાડી સલામત રીતે પસાર થઈ શકે છે અને ગતિનો આનંદ પણ માણી શકાય છે. જેને પ્રગતિ કરવી છે એને કોઈ રોકી શકતું નથી.વિકાસની કેડીને હંમેશાં હકારાત્મકતાના ડગલાંથી કાપી શકાય છે. આપણે મોટાભાગે પોતે જ ઊભી કરેલી અડચણોથી? પ્રગતિનો પથ રૂંધી નાખતા રહીએ છીએ.જગત તમામ માટે એકસરખી તકો લઈને ઊભું હોય છે.સામાજિક ભેદભાવો,શિક્ષણનો અભાવ, શારીરિક અક્ષમતા આ બધી બાબતો થકી મર્યાદા ગણીએ છીએ એ તમામ માણસે જ ઊભી કરેલી મર્યાદાઓ છે.જો કુદરતી નિયમોને આધીન ચાલતા રહીએ તો દરેક જીવો માટે પોતાનું જીવન જીવવા માટેની તમામ સુવિધાઓ કુદરતે સુનિશ્ચિત કરેલી છે.કીડીને કણ અને હાથીને મણ આપવાની ચમત્કારિક સંરચના કુદરતે કરેલી છે.સામેથી કોઈ? એકબીજાનો હાથ ઝાલતું નથી. પોતાના ભોગે કોઈ અન્યને આગળ આવવા દેતું નથી..આવી બધી ફરિયાદો કરવાનો કોઈ અર્થ રહેતો નથી.જગત એક ખુલ્લા મેદાન જેવું છે.એમાં કોઈ પણ માણસ દોડ લગાવી શકે છે.માણસ જાણી જોઈને એકલસૂરો થઈ જાય છે. અને એટલે જ એ બેસૂરો થઈ જાય છે.પોતાની આસપાસની દુનિયાને જ મહત્વની માનતો રહે છે.આ એક એવું કુંડાળું છે જે સતત નાનું જ થતું રહે છે.કુંડાળાનો જો વિસ્તાર થાય તો એમાંથી આપોઆપ સુખની સરવાણીઓ ફૂટતી જાય છે.જે માણસો જગતમાં સફળ ગણાય છે કે જે સાર્થક જિંદગી જીવ્યા છે એવા લોકોએ સુખનું વિશ્વ સીમિત નથી રાખ્યું હોતું.પ્રેમ અને લાગણી આપવાની બાબતમાં હંમેશાં ઉદાર રહ્યા હોય છે.એટલે જ એવા લોકો સુખી લોકો ગણાય છે..બહારની દુનિયાની? પારાવાર આવી ઉર્જાની અનુભૂતિ કર્યા વગર માણસ એક સિમિત ઓરડામાં ઘેરાઈ થઈ જાય છે.પોતાના વિશાળ આવાસમાં એકલો પડી જાય છે.પોતાની વાત કોઈને કહી શકતો નથી.એકલતાનો અભિશાપ એવો તીવ્ર હોય છે કે આપણને દયા ઉપજે.આ જોઈ એવું થાય કે એના ઘર આગળ એવું બોર્ડ મૂકી દઈએ કે અહીં એકલતા હાહાકાર મચાવી રહી છે! કોઈ મદદ કરજો.આ એવો કટાક્ષ છે જે આધુનિક માણસ માટે બિલકુલ સાચો સાબિત થાય છે !

# અદાણી ક્રાઇસીસ : હવે શું ?!

અદાણી.. અદાણી.. અદાણી.. ચારેકોર આજકાલ આ જ નામ ચર્ચામાં છે. સંસદ થી શેરબજાર સુધી આ એક જ નામ ચર્ચામાં છે અને આવનારા ઘણા દિવસો સુધી ચર્ચામાં રહેવાનું પણ છે..!!! જેને શેરબજારનો શ પણ ખબર નથી પડતો એ પણ પાનના ગલ્લે માવો ચોળતા ચોળતા સ્ટેટમેન્ટ ફેંકી રહ્યા છે કે ‘અદાણી ચોર છે.. બોવ ખોટું કયરૂ છે એટલે જ પડતી થઈ ભાઈ ‘..!!!!! તો વળી ગલ્લાવાળો પણ ટાપસી પૂરતા બોલે કે ‘મને તો ખબર જ હતી કે આ ફુગ્ગો કોક દી ફૂટવાનો જ છે ‘..!! જેમ બજેટના દિવસે સૌથી વધુ અર્થશાસ્ત્રીઓ ફૂટી નીકળે છે બિલકુલ એમ જ આજકાલ અદાણીના ડાઉનફોલના કારણો અને એના ઉપાયો વિષે વિસ્તૃત જ્ઞાન પીરસી શકે એવા શેરબજાર એક્સપર્ટસનો – વિતીય વિશેષજ્ઞોનો રાફડો ફાટી ચૂક્યો છે તો મને થયું હું પણ થોડું જ્ઞાન ફેલાવું..!!!! ઈન્ફેકટ આપણે પાનના ગલ્લાની જેમ નહીં પણ થોડા વિશેષ ઊંડા ઉતરીને અને ખરેખર વિશેષજ્ઞોના મતવ્યોને આધારે અદાણીની આ સો કોલ્ડ ‘ પડતી ‘ ની અને એ પડતીમાંથી કઈ રીતે અદાણી ફરી ઊભા થઈ શકે છે એની વાત આગળ કરીશું પણ થોડા હળવે હૈયે..!!!! કેમકે જેમણે આ છેલ્લા એકાદ વીકમાં ખરેખર નુકશાન ભોગવ્યું છે એવા સામાન્ય રોકાણકારોના જીવ આપણે વધુ નથી બાળવા..!!!!

આમ તો શું છે કે ગયઢાવ કહી ગયા છે કે શેર... સટ્ટો અને લોટરી આ ત્રણ વસ્તુથી દૂર રહેવું પણ સાથે સાથે હકીકત એ પણ છે કે આ ત્રણ વસ્તુમાં જ ઈઝી મની બનાવવાના ચાન્સીસ હોય છે એટલે શ્રીમંત હોય કે મધ્યમવર્ગ બધા માટે ઈન્વેસ્ટ કરવું હોય ત્યારે આ ત્રણ જ યાદ આવે. ખેર વાત અદાણીની કરવાની છે તો માત્ર ૯ દિવસમાં અદાણી વિશ્વના ટોપ ટેન ધનીકોની યાદીમાંથી આઉટ થઈ ગયા એના પાછળ અમેરિકન શોર્ટ સેલર કંપની હિડનબર્ગનો રિપોર્ટ છે એ તો હવે જગજાહેર વાત છે પણ ખુદ અદાણીને પણ એ ખબર નહીં હોય કે એક રિપોર્ટ એમની અને અદાણી ગ્રૂપની આબરૂ ધૂળમાં મેળવી દેશે.



રઝળપાટ
અજય ઉપાધ્યાય

શુક્રવારે આ લખાય છે ત્યાં સુધીમાં અદાણી ગ્રૂપને છેલ્લા ૧૦ દિવસમાં ૮ લાખ કરોડ રૂપિયાનું નુકશાન થઈ ચૂક્યું છે બોલે તો લગભગ લગભગ ૨૪ અબજ ડોલર અદાણીના ખિસ્સામાંથી ઓછા થઈ ગયા છે એટલું જ નહીં પણ ખુદ ગૌતમ અદાણી કે જે એક સમયે દુનિયાના ધનપતિઓની યાદીમાં બીજા સ્થાને બિરાજતા હતા એ સડસડાટ સીધા જ ૧૬ મા સ્થાને આવી ગયા છે અને ન્યૂઝ ચેનલોની ભાષામાં ‘ ઔર ગિરાવટ જારી હૈ ‘..!! અદાણી ગ્રૂપના લગભગ બધા જ એટલે કે દસે દસ શેરો જમીન તરફ ધસી રહ્યા છે અને પડતાં ઉપર પાટુની જેમ આરબીઆઈ એ દરેક બેક્રો પાસેથી અદાણીને આપેલી લોનોની વિગતો માંગી છે. આ બધાથી પરેશાન અદાણી ગ્રુપે ૨૦૦૦૦ કરોડનો ઓલરેડી ફુલ્લી ભરાઈ ગયેલો એફપીઓ કેન્સલ કરીને રોકાણકારો અને વિતીય સંસ્થાનોમાં એક પ્રકારનો ભય અને નાણાકીય આશંકાને જન્મ આપી દીધો છે.

અહી સુધી તો બધાને ખબર છે પણ સૌથી મોટો પ્રશ્ન જે શેરબજારમાં ચર્ચાઈ રહ્યો છે એ છે કે હવે શું ? શું અદાણી ગ્રુપ નાદારી નોંધાવશે ? શું અદાણીના હાલ હજુ વધુ બેહાલ થશે ? શું અદાણી આટલી જંગી ખોટમાંથી બહાર આવી શકશે ? શું અદાણીનું આ નુકશાન ભારતીય અર્થતંત્ર એમાયે ખાસ કરીને એલઆઈસી અને બેક્રો જેવી જાહેર સેવાઓને ભરખી જશે ? સવાલો અનેક છે અને એના જવાબો પણ વ્યક્તિ વ્યક્તિએ અલગ અલગ છે. પણ અહી આપણે આ જટિલ સવાલોના એક્સપર્ટસના હિસાબે જવાબો જોઈશું. સૌથી પ્રથમ તો અદાણી ક્રાઈસીસની સાથે સાથે જ બજેટ રજુ થયું અને બજાર સહિત અર્થતંત્રના નિષ્ણાતોના મતે આ બજેટ ખરેખર પ્રગતિશીલ અને સારું છે એવું જાહેર થયું જેની સારી અસર શેરબજાર પર પડી અને અદાણી ક્રાઈસીસ થોડા અંશે પાછલી બેન્ચે ગયું. વાત કરીએ અદાણી પર હિડનબર્ગે લગાવેલા આરોપોની તો સેબી ના જ ભૂતપૂર્વ એકઝયુકેટીવ ડાઈરેક્ટર ગુપ્તા કહે છે કે આમાં કોઈ નવી વાત નથી કહી આ બધુ જ ઓલરેડી પબ્લિક જાણે છે હવે જે માર્કેટને નથી જાણતા એમના મતે આ ગંભીર છે પણ એક હકીકત છે કે કોઈ એક કંપની પર સંકટ આવે તો આખા સેક્ટર પર સંકટ આવે એવું નથી હોતું. ચોકસી ગ્રૂપના દેવેન ચોકસીનું કહેવું છે કે અદાણી એફપીઓ પાછો લઈને બરાબર કર્યું છે કેમકે અદાણીના સતત નીચે જઈ રહેલા શેરોથી તો અદાણીને ક્યારેય ભરી ના શકાય એટલું નુકશાન થયું હોત. અને માર્કેટ આજે નહીં તો કાલે સ્ટેબલ થવાનું જ છે , રિકવર થવાનું જ છે. સવાલ માત્ર એ છે કે અદાણીના શેરો અપ થવાનું ક્યારે શરૂ કરે છે અને માર્કેટના મહાનુભાવોનું માનીએ તો એ પણ થશે જ અને અદાણી ત્યારે ફરીથી એફપીઓ લાવી શકે છે. માર્કેટ એક્સપર્ટ તુલસીયનનું માનવું છે કે અદાણીનું ફન્ડામેન્ટલ મજબૂત છે બીજું કે અદાણી પાસે લોનો કરતાં વધુ એસેટ્સ છે અને એફપીઓ ભરાઈ ગયો એ જ બતાવે છે કે રોકાણકારોનો ભરોસો પણ અકબંધ છે એટલે થોડાક મહિનાઓમાં બધુ નોર્મલ થઈ જવાની શક્યતા છે. સારા બજેટને લીધે શેરોની વધ-ઘટ પર અદાણી ક્રાઈસીસની બહુ અસર જોવા નહીં મળે એવું પણ એમનું માનવું છે.

જો કે અદાણી પર સંકટ એમ પૂરું થવાનું નથી અને એને લીધે જેની સાથે અદાણીની નિકટતા છે એ ભાજપ સરકાર પણ ભીંસમાં આવવાની તો છે જ. ઈનકેફટ વિપક્ષોએ તો મોદી સરકાર પાસે જવાબ માંગવાના શરૂ પણ કરી દીધા છે. અને માંગે જ ને.. કેમ કે નરેન્દ્ર મોદી અને અદાણીની નજદીકિયા જગજાહેર છે અને વિપક્ષોને તો બગાસું ખાતા પતાસું મળી ગયું છે પણ હકીકત એ છે કે સરકાર કરતાં વધુ આ અદાણી માટે અગ્નિપરીક્ષા છે કેમ કે આમ પણ શેરબજારના જાણકારો અદાણીના શેરના ભાવને ઓવર પ્રાઈઝ્ડ ગણતાં જ હતા એવામાં શેરોના ભાવમાં કડાકો કોના માટે લાભદાયક છે એ તો પછીની વાત છે પણ અદાણી ગ્રુપ માટે આબરૂનો સવાલ બની ગયો છે કેમ કે અદાણી ગ્રુપ ખાલી ભારત જ નહીં પણ વિદેશોમાં પણ પ્રવૃત છે અને કંપનીની શાખમાં ગિરાવટ અદાણીને પોસાય એમ નથી જ એની સાથે સાથે ભારતના વિકસી રહેલા અર્થતંત્ર માટે પણ ઘાતક સાબિત થઈ શકે એમ છે. વિદેશી તાકતો અદાણીના બહાને ભારતના અર્થતંત્રને ટાર્ગેટ કરે છે એવું કહેવું સહેલું છે પણ હકીકતમાં ભારતના અર્થતંત્રને નુકશાન થવું પાલવે એમ નથી અને કદાચ એટલે જ અદાણી ક્રાઈસીસના શરૂઆતી દિવસોને બાદ કરતાં અને અદાણીના શેરોને બાદ કરતાં ભારતીય શેરબજારે બહુ જ પોઝિટિવ રિસ્પોન્સ આપ્યો છે અને એ રોકાણકારો માટે અને અર્થતંત્ર માટે સારી નિશાની છે એટલું જ નહીં પણ બહુ જલ્દીથી અદાણી સમૂહ પણ આ ક્રાઈસીસમાંથી બહાર આવી જશે એવો આશાવાદ આપનાર સંકેત પણ છે. એક્સપર્ટ વિજય કેડિયાના મતે આટલી જંગી ખોટ અદાણીએ ભરપાઈ તો કરવી જ પડશે અને એના માટે અદાણીએ વહેલી મોડી કોઈ ને કોઈ એસેટ વેચવી પડશે જ. હિડનબર્ગના રિપોર્ટમાં નાણાકીય ગોલમાલ અને શેરોના ભાવને મેનિપલૂટ કરવાનો આરોપ છે એ જો લાંબા ગાળે પણ સાચા નીકળે તો ભારતીય શેરબજાર હચમચી જાય એ નક્કી છે પણ આગળ લખ્યુ એમ અદાણીની એસેટસ અને રોકાણકારોનો વિશ્વાસ ઉપરાંત વિદેશી નીવેશકોમાં અદાણીનું નામ જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખતા માર્કેટ એક્સપર્ટ એવું કહી રહ્યા છે કે માર્કેટ અને રોકાણકારો અત્યારની સ્થિતિને જોતાં સાવધાનીભરી ચાલ ચાલી રહ્યા છે પણ આવનારા દિવસોમાં અદાણી એ જ ફૂલ ફોર્મમાં પરત ફરશે અને માર્કેટ ભૂતકાળના અનેક કડવા અનુભવોની જેમ જ અદાણી ક્રાઈસીસને પણ ભુલીને આગળ વધશે એવો આશાવાદ રાખી રહ્યા છે પણ એ પહેલા અદાણી સમૂહે ફરીથી ઉપર ઊઠવું પડશે એટલું જ નહિ પણ દેશી અને વિદેશી રોકાણકારોનો વિશ્વાસ અતૂટ રાખવાના પ્રયત્નો કરવા પડશે અને બજારમાં અદાણીની શાખને જોતાં આ ક્ષણિક આવેલા વાવાઝોડા વચ્ચે અદાણી સમૂહ સાંગોપાંગ બહાર નીકળી જશે એવો માર્કેટને આશાવાદ છે..!!!!

- akurjt@gmail.com

# મહાગુંચિકા દલીલેશ્વરી...

છેલ્લા કેટલાયે સમયથી માત્ર પુરુષ અધિકારીઓ અને મહાનુભાવોને મળ્યા કરવાથી ચંદ્રંભદ્ર એક પ્રકારની એકાંગી અકળામણ અનુભવતા હતા. એમને મન 'શું આ ભૂભાગ માત્ર પુરુષોના પુરુષાર્થ જ મઘમઘે છે કે ઇશ્વરે સૌંદર્યની જે રસલ્હાણ કરી છે અને જેનું વર્ણન કરતાં કાલિદાસ જેવા મહાકવિઓ થાકતા નથી, એવી કોઇ નારીરત્નોથી પૃથ્વીનો આ ખુણો વંચિત રહી ગયો હશે કે શું ? પરંતુ ભગવાને હમેશાં ચંદ્રંભદ્રની મુંઝવણને વકરવા નથી દીધી. એણે એકલદોકલ મહિલાઓને મીટીંગમાં જોઇ હતી. એને અનુભવ હતો કે લિફ્ટમાં મુકાવેલ દર્પણ-કમ-કાચમાં પોતાના અધુરા મેક-અપને પુરું કરવાનું સૌંદર્યનિર્માણનું કામ એક મહિલા ચીવટાઈથી કરતાં હતાં. ઘણીવાર પુરુષ કર્મયોગીઓ અને કર્મચારીઓની ડ્રેસીંગ-સેન્સ ખુબ જ બોરીંગ લાગતી હતી અને ઘણા લોકો તો બગાસાં ખાવા જ ઓફિસ આવતા હોય એવું લાગતું હતું. માત્ર એકાદ સ્ત્રી કર્મચારી કે સ્ત્રી અધિકારીના પ્રવેશથી બધાના ડ્રેસથી માંડીને 'સ્માર્ટ'સમજણમાં વૃધ્ધિ થતી જતી હતી. પણ ચંદ્રંભદ્રને ખુબ જ આશા હતી કે કોઇ એક ક્લાસ-વન કક્ષાની મહિલા અધિકારીની સાથે થોડી વાતચીત કરવાની તક મળે તો એને સમજાય કે ગાંધીનગરમાં આટલા બધા ફુલો અને બગીચાઓનો કોઇ અર્થ છે કે કેમ.

એણે એની મુંઝવણ નિરંજનને અને બીજા બે ત્રણ આકસ્મિક ઉભા થતા માનસિક મુંઝારાઓને હલ કરી આપનાર મહાનુભાવને વાત કરી. એક અત્યંત અનુભવી લાગતા આઇસીએસ-ટાઈપના વાળ વાળા એક સાહેબે તો ચંદ્રંભદ્ર સામે વારંવાર જોયા કર્યું. એમને તો એજ સમજણ ના પડી કે આ ભાઈ આટલા બધા લોકોના ઇન્ટરવ્યું લીધા પછી પણ હજી એકાદ મહિલા અધિકારીને મળવા માંગે છે, એને લાગ્યું, 'કાં તો આ ચંદ્રંભદ્રનું છટકી ગયું છે અથવા મહિલાઓને મળવાની માનસિકતા ધરાવતા કન્યારાશિના જાતકો જેવું હોઇ શકે. અથવા એમને ભણેલી મહિલા જ્યારે અધિકારો પ્રાપ્ત કરીને અધિકારી બને છે ત્યારે એનામાં કેવાં કેવાં સાસુ-નણંદ-જેઠાણી-દેરાણી જેવા ગુણો જાગી ઉઠે છે એની કલ્પના કરી જ નહોતી. ત્યાં જ એકદમ સ્માર્ટ પગલાંનો અવાજ સંભળાયો. થોડી બુમાબુમ અને કોઇ વ્યક્તિ રુમમાં પ્રવેશે એ પહેલાં એક ઝીણી પરફ્યુમની લહેરખી આવી પહોંચી. અને ચંદ્રંભદ્રને આશા જાગી. જે મહિલા મહોદયાને મળવાની અતિજિજ્ઞાસાથી એ પીડાતા હતા એ જિજ્ઞાસાનો અંત આવશે. અંતે સમજાશે કે અડધી દુનિયાનું ડહાપણ આ તંત્રમાં જોડાયેલું છે. નિરંજનને પુછી જોયું, બનતી ત્વરાએ એપોઇન્ટમેંટ મેળવી લેવી જોઇએ. પે'લાં મહિલા અધિકારી તો રુઆબભેર ત્યાંથી ચાલી નીકળ્યાં, એમની સાથે બે પુરુષ અધિકારીઓ ચાલતા હતા. તે બન્ને જણ લાગવા જોઇએ એના કરતાં વધારે બાપડા લાગતા હતા. ચંદ્રંભદ્રને એમ જ હતું કે હવે નિરંજન અંદર જઈને વાત કરશે અને પોતાનો મેળ પડી જશે. જો કે કોઇપણ વાત સરળતાથી ના પતી શકે એવી સમજ ધરાવતી ઘટ્ટ હવાને સમજવા માટે હજી પણ ચંદ્રંભદ્રની સમજશક્તિ ઓછી પડી રહી હતી.

આ કોરીડોરમાંથી એમના પસાર થઇ ગયા પછી વાવાઝોડાના શમી ગયા પછી ગામડાની ભાગોળ શાંત લાગે એવી શાંત કોરીડોરમાં ઉભેલા નિરંજનને પુછ્યું, 'શું આપણે હમણાં સુપરફાસ્ટ ટ્રેન જેવાં જે મહિલા હતાં એમને મળવા માટે આપણે એપોઇન્ટમેન્ટ મેળવવી પડશે ?' નિરંજનને ચંદ્રંભદ્રંના ભોળપણની દયા આવી. એમને એમ લાગતું હતું કે પોતે મોટા લેખક કે કોલમિસ્ટ હોવાથી મહાન ગણે છે. પણ આ નગરની હવામાં જ એક 'એસ-ગેસ' વહે છે. એટલે કે સુપીરિયારીટી ગેસ શ્વાસમાં જાય તો ત્રણેક મહિનામાં તો જાતક પોતે ખુબ જ અગત્યનો વ્યક્તિ છે એ માનવા માને છે.



હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

નિરંજને કહ્યું, 'એપોઇન્ટમેન્ટ તો લેવી જ પડશે પણ અગાઉ ના પડી હોય તેવી મુશ્કેલીઓ પડવાની શકયતાઓ છે.'

ચંદ્રંભદ્રે જોરથી પુછી નાંખ્યું, 'કારણ ?? '.. નિરંજને કહ્યું, 'આના કોઇ કારણ ના હોય ! જો હું એક કારણ આપીશ તો તમે પુછશો કે ક્યા પ્રકારનાં કારણો ?? આધિકારિક, રાજકીય કે મનોવૈજ્ઞાનિક કારણો કે બીજું કશુંક... ' નિરંજને કહ્યું, ત્રણેય પ્રકારનાં હોઇ શકે ! તમારે પોલિટિકલી કરેક્ટ રહેવું પડશે.. '

હું પ્રયત્ન કરું છું કે એક જ ઝાટકે આપણું મળવાનું થઈ જાય. એમ તો સરપંચ અને હું બન્ને એપોન્ટમેન્ટ મેળવી શકીએ એમ છીએ.


ચંદ્રંભદ્રની વિહ્વળતા વધતી જતી હતી. એમને એમ હતું કે આટલા મોટા અધિકારીઓને સહેલાઈથી મળી શકાયું તો એમને કેમ ના મળી શકાય.

નિરંજને સમજાવવા પ્રયત્ન કર્યો, મેડમને ખુબ જ કામ રહે છે. ઘણીવાર તો એમના ઘેર કીટ્ટી પાર્ટી હોય તો આખી ઓફિસે બે ત્રણ દિવસ સુધી નવી નવી ગેમ્સ શોધવાની હોય છે. તો ઘણી મહિલાઓ માને છે કે ઓફિસમાં પણ ઘરનું વાતાવરણ જ હોવું જોઇએ. આ માટે ભારે મહેનતથી, એટલે કે એમના પતિ પાસેથી ઝુંટવીને, શાક સમારવા જેવું કામ સાથે લાવતા. આમ વાતાવરણ જળવાઈ રહે તો મેડમનો મૂડ અને ક્રિયેટીવિટી જળવાઈ રહેતાં.

નિરંજને પરિચય આપતાં કહ્યું, 'આ મેડમ એલએલબી થયેલાં છે, અને કોઇપણ કારણ વગર અનેક લોકોને ધમકાવી શકવાની એમની ભારે પ્રેક્ટીસ છે. એમના કૌશલ્યને કારણે એમના પતિદેવ આ ઓફિસમાં આવવાની હિમ્મત કરી શકતા નહીં. એમને દિવસમાં માત્ર બે જ વાર તૈયાર થવા માટે માંડ પાંત્રીસ મિનિટ બગાડે છે. એ માનતાં કે કોઇપણ ભોગે માનસિક મહેનત કરીને જ કામ કરવું જોઇએ. એમની પાસે દરેક બાબતે દલીલો રહેતી. એમની ચેમ્બરની બહાર લખેલું હતું, દલીલેશ્વરી... જો કે આખી ઓફિસના તમામ કર્મચારી અધિકારીઓ તો એમને 'મહાગુંચિકા દલીલેશ્વરી' એવા ઉપનામ સાથે જ ઓળખતાં.... ચંદ્રંભદ્રને તાલાવેલી લાગવા લાગી કે ક્યારે આ દેવીજીને મળાય અને જીવનનો કોઇ નવો પાઠ શીખવા મળે ...'

# શ્રીમદ્ ભગવદ્ ગીતા અને અંતઃસ્ફુરણા

જીવન એક એવી આંટીઘૂંટી છે ને...કે જો તમે એને માત્ર મગજથી ઉકેલવા જશો તો કોઈ નવા જ રસ્તે ખૂંપી જશો. જે ક્યાંય પહોંચશે નહીં અને તમે પોતાની જાતથી જ વિખુટા પડી જશો. સંબંધો વિશ્વસનીયતા જેવાં જીવનના ખૂબ જ પેચિદા, મોટા અને મહત્વના નિર્ણયો લેતી વખતે મગજને અંતઃસ્ફુરણાનો સધિયારો અનિવાર્યપણે જોઈએ છે. પણ એ મળે




ક્યાંથી?? અથવા આવે તો આપણને તેની અનુભૂતિ કંઈ રીતે થાય. તેને આપણે સાંભળી શકીએ છીએ ખરા!! અથવા એટલાં પોતાની જાતને કેળવી શક્યા છે ખરાં કે તેને સાંભળી શકીએ...!! અંતઃસ્ફુરણા દરેકના અંતરાત્મામાથી સ્ફુરતી જ હોય છે. દરેક જીવનના તબક્કે દિશા સૂચન કરતી જ રહે છે. પણ તેને સાંભળવા પોતાની જાત જોડે સો ટકા પ્રમાણિક રહેવું પડે. માણસ જ્યારે બીજા વ્યક્તિ સાથે જૂઠું બોલે છે, ત્યારે સૌથી પહેલા તે પોતાની જાતને છેતરતો હોય છે. બીજાના કામની ક્રેડિટ પોતે લઈ એવોર્ડ જીતી લાવે પણ તેની જાતને તો સાચી વસ્તુની ખબર હોય જ છે. અને મનોમન તેની જાત તેનાં પર હસતી જ હોય છે કે અલ્યા આ તે કેવી વૃત્તિ...!! તું વળી મને છેતરે એ પણ એવોર્ડ્સ માટે...!! તે વ્યક્તિ તે સફળતાનો આનંદ ક્યારેય નથી મેળવી શકતી. હા, ક્ષણિક ખુશ ચોક્કસ થઈ શકે છે. આવું જ પોતાની કામચોરીને ઢાંકવા કાવા દાવા કરતી વ્યક્તિઓ જોડે થાય છે. એક ખોટું કર્યાનો અજંપો તેને સતત ડંખતો રહે છે.તે એકલો ક્યારેય નહીં રહે. તે ટોળામાં જ રહેશે. કારણ કે એકલાં ઊભા રહેવાની ક્ષમતા કે ત્રેવડ તેનામાં ક્યારેય નહીં આવે. 'જાતને જવાબ આપવો પડશે' તેનો સતત ડર તેને લાગશે.જે પોતાના સત્ય માટે એકલો ઉભો રહી શકે છે તે પોતાની જાત સાથે સો ટકા પ્રમાણિકતાથી જીવતો હશે. કોઈને ખુશ કરવાની, કોઈની આગળ જાતને સાબિત કરવાની, ખુશામત કરવાની જરૂર ક્યારેય જીવનમાં નહીં પડે. "સારું બનવાની વૃત્તિ" કરતાં "સાચા બનવાની વૃત્તિ" (પોતાની જાત જોડે જ સ્તો) કેળવવા જેવી છે.



પમરાટ
મિત્તલ પટેલ

શ્રીમદ્ ભગવત્ ગીતા એટલે આપણાં અસ્તિત્વનો ઉત્સવ છે. તમારી જાતને સત્વથી સમૃદ્ધ કરવી હોય તો ગીતાનો એક અધ્યાય રોજ વાંચવાની આદત જીવનમાં કેળવજો. આપણને બધાને બધું જ સમજાય જવું જોઈએ, બધું જ તરત પરખાઈ જવું જોઈએ, એવી અપેક્ષાઓ હોય છે. ગીતામાં તો રોજ વાંચતા પણ એક જ શબ્દોનો અલગ અલગ ભાવ મળે છે. રોજ કંઈક નવું સ્ફુરે છે. તેને કોઈ એક ભાવાર્થમાં કે કોઈ એક સંકલ્પનામાં કે કોઈ એક ચિત્રમાં તમે બાંધી નહીં શકો. પણ વાંચવાનું અવિરતપણે રોજ રોજ ચાલુ રાખજો. ભલે બધું જ તત્ક્ષણ ન સમજાય, પણ તમારા વ્યક્તિત્વમાં તમારા "સ્વ"માં સમયાંતરે થતો બદલાવ ચોક્કસ તમે અનુભવી શકશો. સ્પંદી શકશો. નાની-નાની બાબતોમાં ઉદાસ થઈ જતા તમે, ગમે તેટલું મોટી ઘટનામાં પણ તમારા મનને સ્થિર રાખી શકશો. નિર્લેપ રહી જીવી શકશો. જલ્દી કોઈ જ પીડા કે ખુશી તમને અડશે નહીં. સુખ અને દુઃખમાં સ્થિર રહેતા શીખી શકશો. તમારું મનોબળ તમે વિચાર્યું હશે તેના કરતાં કંઈ કેટલાય ઘણું વધુ મજબૂત બની જશે. તમે એકાંતને ઉજવી શકશો. જીવનમાં કંઈક "સત્વ" પામ્યાનો આનંદ અનુભવી શકશો. અને હા, અંતઃસ્ફુરણા એકદમ સ્પષ્ટપણે સાંભળી શકશો.તેને અનુસરવાની નૈતિક હિંમત પણ તમારામાં આપોઆપ આવશે.